**જાહેરનામું**

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ કમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૧૦ /૨૦૧૭,**

**તા. ૨૭/૦૩/૨૦૧૭**

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં તા.૨૯/૦૩/૨૦૧૭ ના રોજ રીવરફ્રન્ટ એન.આઇ.ડી. પાછળ ભાજપા વિજયોત્સવ કાર્યક્રમ અનુસંધાને ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ કરવા/ડાયવર્ઝન કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં તા.૨૯/૦૩/૨૦૧૭ ના રોજ રીવરફ્રન્ટ એન.આઇ.ડી. પાછળ ભાજપા વિજયોત્સવ કાર્યક્રમ યોજવામાં આવનાર છે અને તેમાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉપસ્થિત રહેનાર હોઇ જેથી ટ્રાફીક વ્યવસ્થા અને કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર તા.૨૯/૦૩/૨૦૧૭ ના રોજ કલાક ૧૨.૦૦ થી ૨૧.૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન નીચે મુજબનો માર્ગ તમામ પ્રકારનાં વાહનોની અવર-જવર માટે બંધ કરવામાં આવે છે.

**બંધ રહેવાનો રૂટ** : વિશ્વકુંજ ચાર રસ્તા પાલડી રીવરફ્રન્ટથી એન.આઇ.ડી. પાછળ રીવરફ્રન્ટ રોડ થઇ વલ્લભસદન રીવરફ્રન્ટ રોડ થઇ ઉસ્માનપુરા રીવરફ્રન્ટ ગાર્ડન થઇ વાડજ સ્મશાન ગૃહ સુધીનો રીવરફ્રન્ટ માર્ગ તમામ પ્રકારનાં વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

**આ રીવરફ્રન્ટ રોડ ઉપર આવતાં નીચે જણાવેલ પોઇન્ટો ખાતેથી કોઇપણ પ્રકારનાં વાહનો રીવરફ્રન્ટ રોડ ઉપર આવ-જા કરી શકશે નહી.**

૧) વિશ્વકુંજ ચાર રસ્તા થી એન.આઇ.ડી. રીવરફ્રન્ટ તરફનાં નાકા
૨) રીવરફ્રન્ટ પો.સ્ટે. તરફ આવતાં એન.આઇ.ડી. ચાર રસ્તાનાં બન્ને સર્વિસ રોડનાં નાકા
૩) કર્ણાવટી હોસ્પીટલ (હરિહરાનંદ આશ્રમ) તરફના નાકા
૪) ડીલાઇટ ચાર રસ્તા થી વલ્લભસદન રીવરફ્રન્ટ તરફના નાકા
૫) બુટાસિંગ મહાદેવથી ગુજરાત સાહીત્ય પરિષદ રીવરફ્રન્ટ તરફના નાકા
૬) અજંટા કોર્મશીયલ સેન્ટર નાકાથી ઉસ્માનપુરા રીવરફ્રન્ટ ગાર્ડન તરફના નાકા
૭) દર્પણ એકેડમી તરફથી ઉસ્માનપુરા રીવરફ્રન્ટ વળાંક તરફનાં નાકા
૮) વાડજ સ્મશાન ગૃહ કટથી ઉસ્માનપુરા રીવરફ્રન્ટ રોડ તરફના નાકા

**વૈકલ્પિક રૂટ ;** વાડજ સ્મશાન ગૃહ કટ તરફથી આશ્રમ રોડ ઇન્કમટેક્ષ, પાલડી ચાર રસ્તા થઇ મહાલક્ષ્મી પાંચ રસ્તા તરફ આશ્રમ રોડનો ઉપયોગ આવ-જા માટે કરી શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ તેમજ ઇવેન્ટ સેન્ટરના કાર્યક્રમમાં આવનાર માટે મુક્તિ રહેશે.

આ જાહેરનામાનો અમલ તા.૨૯/૦૩/૨૦૧૭ ના રોજ કલાક ૧૨.૦૦ થી ૨૧.૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ

અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૨૭/૦૩/૨૦૧૭ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૨૭/૦૩/૨૦૧૭
અમદાવાદ શહેર

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.
(૭) વિભાગીય નિયામકશ્રી, G.S.R.T.C., ગીતામંદીર, આસ્ટોડીયા દરવાજા પાસે, અમદાવાદ શહેર
(૮) જનરલ મેનેજરશ્રી,B.R.T.S.,જનમાર્ગ લિ., મધ્ય ઝોનની કચેરી, અ.મ્યુ.કો., ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે, અમદાવાદ શહેર
(૯) ડાયરેક્ટરશ્રી, A.M.T.S., અમદાવાદ મ્યુનિ.ટ્રાન્સપોર્ટ સર્વિસ, અ.મ્યુ.કો., અમદાવાદ શહેર